©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] THURSDAY, 18th JUNE, 2026/JYAISTHA 28, 1948 [Issue No. 25

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	357-364	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	5487-5898
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

By the Principal District Judge

Read :

(1) Notification No. C.2101/2026, dated 25-05-2026 of the Hon'ble High Court of Gujarat.

(2) Notification No. B/UHC/10/668/2025, dated 22-12-2025 of District Court, Bhavnagar.

NOTIFICATION

(For insertion in the Gujarat Government Gazette, Part-I supplement to the Central Section, Rajkot Division)

No. B/ADM/5450/234/2026.-The Principal District Judge, Bhavnagar is pleased to declare Thursday, the 28th May, 2026, as a Public Holiday on account of Eid-Ul-Adha (Bakri-Eid), instead of Wednesday, 27th May, 2026, for the District Court, Bhavnagar and its Subordinate Courts and 27th May, 2026, Wednesday, will be working day for the District Court, Bhavnagar and its subordinate Courts.

Bhavnagar, 25th May, 2026.

H. S. Mulia
Principal District Judge,
Bhavnagar.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

વિષય : સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા પરવાનાવાળા હથિયાર જમા લેવા બાબત.

વંચાણે લીધા :

(૧) રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સીઓસી-સ્થા.સ્વ.-૧૩૮(૧)-૧૧૨૦૨૧-ક, તા. ૧૭-૧૧-૨૦૨૧

(૨) શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી)

હુકમ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/૦૧/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.

રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગના વંચાણે લીધેલ ક્રમ-૧ તળેના આદેશથી થઈ આવેલ સુચનાનુસાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના સંદર્ભમાં આદર્શ આચારસંહિતાની અમલવારી સારૂ, હથિયાર લાયસન્સ ધરાવતી તમામ વ્યકિતઓના લાયસન્સ હેઠળના હથિયારો જમા લેવા સુચનાઓ થઈ આવેલ છે.

ગીર સોમનાથ જિલ્લામા યોજાનાર ઉકત ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તથા કાયદો વ્યવસ્થા જળવાય રહે તે હેતુસર, ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમા આવેલ પાકરક્ષણ તેમજ સ્વરક્ષણના પરવાના તળેના હથિયારો સંબંધકર્તા પરવાનેદાર પાસેથી મેળવી, અનામત જમા લેવા શસ્ત્ર અધિનિયમ-૧૯૫૯ની કલમ-૨૨(૧)(બી) ની જોગવાઈ હેઠળ આથી હુકમ કરવામાં આવે છે.

આ હુકમ હેઠળ જમા લેવાયેલ હથિયારો-શસ્ત્ર નિયમો-૨૦૧૬ના નિયમ-૪૭ અને ૪૮ હેઠળ સંબંધિત પોલીસ સ્ટેશનમાં સલામત તથા સુરક્ષિત રીતે રાખવાના રહેશે અને જમા લીધેલ હથિયારોની પહોંચ આપવાની રેહશે. તથા ચૂંટણી આચારસંહિતા પૂર્ણ થયા બાદ તાત્કાલીક સંબંધિત પરવાનેદારને તેનુ હથિયાર પરત સોંપવાનું રહેશે.

આ હુકમ નીચેની વ્યકિત/સંસ્થાઓને લાગુ પડશે નહી.

(૧) રાષ્ટ્રીયકૃત બેન્કો કે જેઓને બેન્કની કેશ/કરન્સી લઈ આવા તથા લઈ જવા માટે તેમની ફજના ભાગરૂપે બેન્કના હથિયાર પરવાના વાળા શસ્ત્રો રાખવાની પરવાનગી આપવામાં આવેલ હોય તે વ્યકિત.

(૨) અત્રેની પરવાનગી મેળવેલ હોય તેવા હથિયાર પરવાનેદારો.

(૩) ફરજ ઉપર રોકાયેલ સરકારી કર્મચારી/અધિકારીઓ.

પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથએ આ હુકમ મુજબની અમલવારી કરાવવી. હથિયારો જમા લેવામાં આવે તથા પરત કરવામાં આવે ત્યારે પોલીસ સ્ટેશનવાઈઝનો સંકલીત અહેવાલ અત્રેને રજુ કરવાનો રહેશે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ તથા ૩૭ હેઠળનું

જાહેરનામુ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/૦૨/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે.

આ ચૂંટણી દરમ્યાન રાજકીય પક્ષો, ઉમેદવારો તથા તેમના ટેકેદારો દ્વારા સભા-સરઘસ દ્વારા તથા લાઉડ સ્પીકરથી ચૂંટણી પ્રચાર કરવામાં આવનાર છે. આ ચૂંટણી પ્રચાર દરમ્યાન જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અને નુકશાન થતું અટકાવવા, કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય રહે, કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ જિલ્લામાં જાહેર સુલેહશાંતી અને સલામતીને હાનિ ન પહોંચે અને લોકોમાં સંવાદિતા યથાવત જળવાઈ રહે તે હેતુસર સાવચેતીના ભાગ રૂપે આગોતરા પગલા ભરવા જરૂરી જણાય છે.

સબબ હું, એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની નીચેની કલમો દ્વારા મને મળેલ અધિકારની રૂઈએ નીચે મુજબનાં હુકમ કરૂ છું.

(અ) લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે :

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(થ) તથા કલમ-૩૩(૧)(૫)(૩) હેઠળ રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનીક

કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતુ માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે નીચે મુજબના નિયમોનું પાલન કરવા ફરમાવું છું

(૧) સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી. આવી પરવાનગી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કન્ટ્રોલ) રૂલ્સ-૨૦૦૦ ના નિયમ-૩ ને અનુરૂપ તથા નામ.સુપ્રિમ કોર્ટે રીટ પીટીશન નં. ૭૨/૯૮ વીથ સીવીલ અપીલ નં. ૩૭૩૫/૨૦૦૫માં આપેલ ગાઈડલાઈન મુજબ આપવાની રહેશે.

(૨) લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રી તરફથી જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે. લાઉડ સ્પીકર ફકત સવારના ૦૮-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જ જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય અથવા નુકશાન ન થાય તે રીતે વગાડવાનું રહેશે.

(૩) લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધ સરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ કે દવાખાના આવેલા હોય તો સદરહુ કચેરીઓ, સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તે રીતે તદન ધીમા અવાજથી વગાડવાના રહેશે.

(૪) ચૂંટણી પ્રચાર માટે ફરતા વાહન ઉપર લાઉડ સ્પીકર વગાડવા માટેની મંજુરી સંબંધિત સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ આપવાની રહેશે.

(બ) સભા-સરઘસ દરમ્યાનના વર્તન-વર્તણૂંક અંગે :

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(દ) તથા કલમ-૩૩(૧)(ક) થી (છ) હેઠળ સભા-સરઘસ દરમ્યાન નીચેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૧) સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મળ્યાબાદ જ સભા-સરઘસનું આયોજન કરવાનું રહેશે તથા જે શરતે પરવાનગી અપાયેલ છે તે શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨) સભા-સરઘસમાં નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(ક) શસ્ત્ર, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બજીકોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ દવાની.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની, એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ઘ) કોઈ સરઘસમાં સળગતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની.

(ચ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(ચ) લોકોએ બુમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની.

(૩) ચૂંટણી સભા-સરઘસ-વાર્તાલાપ કે મતદારના વ્યકિતગત સંપર્ક દરમ્યાન કોઈને ઉતારી પાડતા, ચારિત્ર્ય ખંડન કરતા પ્રવચન કરવા નહીં, ધર્મ, જાતિ જન્મ સ્થળ, નિવાસ, ભાષા વિગેરેની ભૂમિકા પર જુદા જુદા જન સમૂહ/વર્ગ વચ્ચે વૈમન્સ્ય, તિરસ્કાર, દ્વેશ વધે તથા જન સંવાદિતાની જાળવણીને વિપરીત અસર થાય તેવા પ્રવચન, ચોંકાવનારા સમાચાર વાળા વિધાન કરવા નહી કે તેમ કરવા કોઈને પ્રોત્સાહન આપવું નહિ.

(૪) જેનાથી સુરૂચિ તથા નીતિનો ભંગ થતો હોય અથવા જાહેર સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણ આપવાનું, ચાળા પાડવાનું કે નકલ કરવાના કૃત્ય કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

(૫) જેનાથી સુરૂચિ અથવા નીતિનો તથા રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જાહેર થયેલ આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા ચિત્રો, અન્ય જાહેરાતો, પોસ્ટરો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા વસ્તુઓ તૈયાર કરવાના કૃત્યો કરવાની મનાઈ ફરમાવવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫, ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ચૂંટણી અંગેના આચાર સંહિતાની જોગવાઈઓ હેઠળની શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામુ સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વિસ્તારમાં પ્રસિધ્ધ કર્યાની તારીખથી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આજ તા. ૦૧, માહે એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૦૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામુ

નં. એમએજી/સી/તા.પં./જિ.પં./ન.પા./ચૂંટણી/ડ્રાય ડે/૧૪/૨૦૨૬.- રાજય ચૂંટણી આયોગ, ગાંધીનગર તરફથી તા. ૦૧-૦૪-૨૦૨૬ થી પ્રસિધ્ધ કરાયેલ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં તા. ૨૬-૦૪-૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત તથા તમામ તાલુકા પંચાયતો અને વેરાવળ-પાટણ, ઉના, સુત્રાપાડા અને તાલાલા નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાનાર છે. જેની મતગણતરી તા. ૨૮-૦૪-૨૦૨૬ ના રોજ થનાર છે.

ચૂંટણી સંદર્ભે ન્યાયી પ્રક્રિયા અને કાયદો વ્યવસ્થા જાળવવા માટે તેમજ ચૂંટણી દરમ્યાન મતદારો નિર્ભયપણે મતદાન કરી શકે તે માટે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ દ્વારા પત્ર ક્રમાંક : સી/એલ.આઈ.બી./ડ્રાય ડે/જાહેરનામુ/૮૮/૨૦૨૬, તા. ૧૭-૦૪-૨૦૨૬થી ચૂંટણી હેઠળના મત વિસ્તારમાં મતદાન પુરૂ કરવાના કલાક સાથે પુરા થતા ૪૮ કલાકના સમયગાળા દરમ્યાન દારૂ કે તેના જેવા નશાકારક પદાર્થના વેંચાણ પર પ્રતિબંધ મુકવા જાહેરનામુ બહાર પાડવા દરખાસ્ત રજુ થયેલ છે.

આમ, ઉપરોકત વિગતે પોલીસ અધિક્ષકશ્રી, ગીર સોમનાથ તરફથી રજુ થયેલ દરખાસ્ત યોગ્ય અને વ્યાજબી જણાતી હોય, ગીર સોમનાથ જિલ્લામાં એપ્રિલ-૨૦૨૬માં યોજાનાર સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/પેટા ચૂંટણી-૨૦૨૬ના કાર્યક્રમ સંદર્ભે તા. ૨૪-૦૪-૨૦૨૬ના રોજ સાંજના ૦૬-૦૦ કલાકથી તા. ૨૬-૦૪-૨૦૨૬ ના સાંજના ૦૬-૦૦ કલાક સુધીના સમય અને જો પુનઃ મતદાન થાય તો પુનઃમતદાનના દિવસે તથા મતગણતરીના દિવસે તા. ૨૮-૦૪-૨૦૨૬ના આખો દિવસ ચૂંટણી હેઠળના મત વિસ્તારમાં આવેલી વિદેશી દારૂના વેંચાણના પરવાના (એફ.એલ.-૧, એફ.એલ.-૨ અને એફ.એલ.-૩) તથા નશાકારક વેંચાણના પરવાના હેઠળના વેંચાણ પર હું એન. વી. ઉપાધ્યાય, આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, ગીર સોમનાથ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ અધિકારની રૂઈએ પ્રતિબંધ ફરમાવું છું અને ચૂંટણી હેઠળના મત વિસ્તારમાં ''ડ્રાય ડે'' જાહેર કરૂ છું.

આ જાહેરનામાનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ તે વ્યકિતનો ગુન્હો સાબીત થયેથી છ માસની સાદી કેદ અગર રૂા. ૨૫૦૦/- સુધીનો દંડ અગર બન્ને શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ચૂંટણીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રીઓ તથા સંબંધિત પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપલી કક્ષાના પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૧૭, માહે એપ્રિલ-૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી બહાર પાડેલ છે.

ગીર સોમનાથ, ૧૭ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

એન. વી. ઉપાધ્યાય
જિલ્લા મેજીસ્ટ્રેટ
ગીર સોમનાથ

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ

વંચાણે લીધા :

(૧) પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામુ/રીન્યુ-પથિક સોફ્ટવેર/૮૫/૨૦૨૬, તા. ૨૯-૦૧-૨૦૨૬.

જાહેરનામું

નં. નાચિ/પલસ/વશી/ઈ-૪૨૫૧૪૭/૨૦૨૬.-(૧) વંચાણે લીધા ક્રમ-૧ના પોલીસ અધિક્ષકશ્રી, અમરેલીના પત્ર નં. એસ.ઓ.જી./જાહેરનામુ/રીન્યુ પથિક સોફ્ટવેર/૮૫/૨૦૨૬, તા. ૨૯-૦૧-૨૦૨૬ થી હોટલમાં રોકાણ કરનાર ગ્રાહક/મુસાફરોની માહિતી હોટલ ખાતેથી જ ઈન્ટરનેટ દ્વારા એન્ટ્રી થાય તે માટેનું સીકયોર વેબ પોર્ટલ ''પથિક'' (PATHIK-Programme for Analysis of Travelers and Hotel Information) વિકસાવવામાં આવેલ છે તથા આ સર્વર અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ ખાતે કાર્યરત છે. ક્રાઈમ બ્રાંચના સોફ્ટવેર સાથે રજીસ્ટર થયેલ હોટલ ધારક જ ક્રાઈમ બ્રાંચ ખાતેથી આપવામાં આવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા એન્ટ્રી કરી શકે છે. આમ, સોફ્ટવેર કોઈપણ નવી હોટલમાં ઈન્સ્ટોલ કરવા માટે જે તે સ્થળ પર જવાની જરૂર નથી. પરંતુ મુખ્ય કાર્યાલય દ્વારા જે તે હોટલની રજીસ્ટ્રેશન લગત માહિતી સર્વરમાં સ્ટોર કર્યા બાદ, યુઝરનેમ-પાસવર્ડ આપતા હોટલ આ સિસ્ટમ સાથે જોડાઈ જાય છે. જેના આધારે રોકાણ કરનાર ગ્રાહકની મહત્વની તમામ માહિતી પોલીસને તાત્કાલીક ધોરણે ઉપલબ્ધ થઈ જાય છે.

(૨) પથિક સોફ્ટવેરથી એક જ જગ્યાએ બેસીને એક જ વ્યકિત દ્વારા ઈન્ટરનેટના માધ્યમથી તમામ મુસાફરોની વિગત ચકાસી શકાય છે. જેના કારણે માનવ શકિતનો ઓછો ઉપયોગ કરી, ટેકનોલોજીની મદદથી સમય મર્યાદામાં કોઈપણ ગુનો બનતો અટકાવી શકાય અથવા બનેલ ગુન્હાના કામે ડીટેકશન કરવામાં મહત્વપુર્ણ કડી સાબિત થઈ શકે છે. સાંપ્રત સમયમાં બનતા ગુન્હા તથા આંતકવાદ જેવી ઘટનાઓ અટકાવવા, તેમજ આકસ્મિક બનાવ સમયે કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તેવા સંજોગોમાં તમામ હોટલોને એક સાથે ચેક કરવી થોડી મુશ્કેલી તથા સમયનો વ્યય થાય પરંતુ ''પથિક'' સોફ્ટવેર મારફત આ કામગીરીને ચેક કરી ગુન્હાહીત કે અન્ય માહિતી તાત્કાલીક મળી શકે છે. તેમજ સરળતાથી તપાસમાં ઉપયોગી થઈ શકે તેવી માહિતી ઉપલબ્ધ થઈ શકશે.

(૩) તદઉપરાંત અમરેલી જિલ્લા ખાતે દરિયાઈ વિસ્તાર ખૂબ જ લાંબો આવેલ હોય અને ત્યા મોટી કંપનીઓ કાર્યરત હોય અને જેમાં મહત્વની આંતરરાષ્ટ્રીય મુસાફરો/પ્રવાસીઓની અવર-જવર રહેતી હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ અગત્યના ઈનપુટો બાબતે મહત્વની માહિતી મળી રહે તે સારૂ ''પથિક'' સોફ્ટવેરની અમલવારી કરાવવી જરૂરી જણાય છે.

વાસ્તે હું દિલિપસિંહ ગોહિલ, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમરેલી જિલ્લો ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મળેલ સત્તાની રૂઈએ સમગ્ર અમરેલી જિલ્લાના વિસ્તારમાં નીચે મુજબની બાબતોનો ચૂસ્ત અમલ કરવા ફરમાવું છું.

1. અમરેલી જિલ્લાની તમામ હોટેલો અને ગેસ્ટહાઉસ ખાતે પ્રાંત રાજય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત ''પથિક'' (PATHIK -Programme for Analysis of Travellers and Hotel Information) સોફ્ટવેરમાં હોટલના માલિક/સંચાલકે અવશ્ય કરવી.
2. જાહેરનામું પ્રસિધ્ધ થયેથી સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે બહુમાળી ભવન, એ-બ્લોક, પ્રથમ માળ, રૂમ નં.-૧૦૨, એસ.ઓ.જી. શાખા ખાતેથી હોટલ સંચાલક/માલિકે હોટલની વિગતો રજુ કરી યુઝર આઈડી-પાસવર્ડ દિન-૧૦ માં મેળવી લેવાના રહેશે.

અમલવારીનો વિસ્તાર :

આ હુકમ અમરેલી જિલ્લાના સમગ્ર વિસ્તારને લાગુ પડશે.

અમલવારીનો સમયગાળો :

આ હુકમ તા. ૧૬-૦૩-૨૦૨૬ થી તા. ૧૪-૦૫-૨૦૨૬ (બંન્ને દિવસો સહિત) સુધીના સમયગાળા માટે અમલી રહેશે.

શિક્ષા :

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ ની જોગવાઈ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામાનાં ભંગ બદલ ફરીયાદ માંડવા માટે ફરજ પરનાં કોઈ પણ હેડ કોન્સટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

જાહેર વિજ્ઞપ્તિ :

તમામ નાગરીકોને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી/કરાવવી શકય ન હોય આથી એક તરફી ફરમાવવામાં આવે છે. જાહેર જનતાની જાણ સારૂ પોલીસ અધિક્ષકશ્રી, અમરેલી તથા નાયબ માહિતી નિયામકશ્રી, અમરેલીની કચેરી મારફત સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધ કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર જાહેરનામાની નકલ ચોટાડીને પ્રસિધ્ધ કરાવવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર જાહેરનામાની નકલ ચોંટાડીને પ્રસિધ્ધ કરવામાં આવશે. તેમજ એસ.ઓ.જી. શાખાએ તમામ હોટલ સંચાલકો/માલીકોને જાણ તથા સમજ આપવાની રહેશે.

આજ તા. ૧૩, માર્ચ-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી આપ્યો.

અમરેલી, ૧૩ માહે માર્ચ, સને ૨૦૨૬.

દિલિપસિંહ ગોહિલ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
અમરેલી

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબનું

વંચાણે લીધા : પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/પથિક જા.ના./દરખાસ્ત/૮૯૬/૨૦૨૬, તા. ૨૬-૦૪-૨૦૨૬.

જાહેરનામું

નં. એમએજી/વશી/પથિક સોફ્ટવેર/૩૪૪૫૧/૨૦૨૬.-વંચાણે લીધા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના તા. ૨૬-૦૪-૨૦૨૬ થી 'પથિક' "Pathik Programme for Analysis of Travelers and Hotel Informatics" સોફ્ટવેર અંગેનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળનું જાહેરનામું તા. ૨૬-૦૨-૨૦૨૬ થી બહાર પાડેલ અને આ જાહેરનામાની મુદત તા. ૩૦-૦૪-૨૦૨૬ ના રોજ પુર્ણ થવાની હોય વધુ મુદત માટેનું જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત થઈ આવેલ છે.

સબબ, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરની દરખાસ્ત અન્વયે ઉપરની વિગતે પોરબંદર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે સારૂ સાવચેતીના પગલાની આવશ્યકતા છે.

સબબ, હું રેખાબા સરવૈયા, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પોરબંદર જિલ્લો, પોરબંદર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે,

(૧) પોરબંદર જિલ્લાના શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના તમામ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિકે ગ્રાહકની રજીસ્ટર એન્ટ્રીની સાથે દરેક હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળા ખાતે પોતાના રીસેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું. જેમાં અમદાવાદ પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ 'પથિક' "Pathik Programme for Analysis of Travelers and Hotel Informatics" સોફ્ટવેર ઈન્સ્ટોલ કરાવી, રજીસ્ટરમાં થતી એન્ટ્રી આ સોફ્ટવેરમાં પણ કરવાની રહેશે.

(૨) પોરબંદર જિલ્લાની તમામ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના ધર્મશાળા ખાતે પ્રાંત/રાજ્ય/દેશ/વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગત આ 'પથિક' "Pathik Programme for Analysis of Travelers and Hotel Informatics" સોફ્ટવેરમાં હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિક/સંચાલકે અવશ્ય કરવી.

(૩) આ જાહેરનામું પ્રસિધ્ધ થયે સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા માટે એસ.ઓ.જી. શાખા (HMP કોલોની, બંગલા નં. ૦૩) પોરબંદર ખાતેથી હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાના માલિક/સંચાલકએ હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના/ધર્મશાળાની વિગતો રજુ કરી યુઝર આઈડી-પાસવર્ડ તાત્કાલિક મેળવી લેવાના રહેશે.

આ જાહેરનામું તા. ૦૨-૦૫-૨૦૨૬ થી તા. ૦૧-૦૭-૨૦૨૬ (આ જાહેરનામું બીજો હુકમ થતાં) સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લઘંન કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબંદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડકોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજ્જા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્ર, ચેનલો મારફતે પ્રસિધ્ધી કરી તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન, ગ્રામ પંચાયત, નગરપાલિકા, તાલુકા પંચાયતના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધ કરવામાં આવશે.

આજ તા. ૨૯-૦૪-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાડી બહાર પાડવામાં આવ્યું.

પોરબંદર, ૨૯ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

રેખાબા સરવૈયા
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર

જાહેરનામું

નં. ડી.એમ.-૧/ફા.નં.૨૧૯/રમઝાન માસ/જા.ના/૨૦૨૬.-આગામી તા. ૧૮-૦૨-૨૦૨૬ થી તા. ૧૯-૦૩-૨૦૨૬ દરમ્યાન મુસ્લિમ સમાજનો પવિત્ર ''રમઝાન માસ'' શરૂ થનાર છે. જે માસ દરમ્યાન રેડ ક્રોસ (બાર્ટન ચોક)થી જોગીવાડની ટાંકી સિદીકીયા મસ્જીદ સુધી ક. ૧૭-૦૦ થી ક. ૨૧-૦૦ દરમ્યાન રોઝા ખોલવાના સમયે ભારે ભીડ ભેગી થાય છે. સદરહુ વિસ્તારમાં પાંચ અલગ અલગ મસ્જિદો આવેલ છે. તેમજ ખાણી-પીણીની દુકાનો મોટા પ્રમાણમાં આવેલ હોય રોઝા ખોલવાના સમય દરમ્યાન મોટી સંખ્યામાં લોકો ખરીદી કરવા ભેગા થાય છે. જેથી સદરહુ માર્ગ પર ટ્રાફિક નિયમન જળવાઈ રહે અને અકસ્માત નિવારી શકાય તે સારૂ તા. ૧૮-૦૨-૨૦૨૬ થી તા. ૧૯-૦૩-૨૦૨૬ સુધી દરરોજ ક. ૧૭-૦૦ થી ક. ૨૧-૦૦ દરમ્યાન થ્રી વ્હીલ, ફોર વ્હીલ તેમજ ટ્રક જેવા ભારે વાહનોનાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, ભાવનગરના પત્ર ક્રમાંક : ૮૭/સીબી-૨/જાહેરનામુ/૨૪૫/૨૦૨૬, તા. ૧૬-૦૨-૨૦૨૬ થી દરખાસ્ત રજુ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું યોગ્ય જણાય છે.

આથી હું એન. ડી. ગોવાણી (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર જિલ્લો, ભાવનગર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ, તા. ૧૮-૦૨-૨૦૨૬ થી તા. ૧૯-૦૩-૨૦૨૬ સુધી રમઝાન માસ દરમ્યાન ક. ૧૭-૦૦ થી ક. ૨૦-૦૦ દરમ્યાન રેડ ક્રોસથી જોગીવાડની ટાંકી પાસે આવેલ સીદીકીયા મસ્જીદ તથા જોગીવાડની ટાંકી સીદીકીયા મસ્જીદથી રેડ ક્રોસ સુધી બંને સાઈડ તરફથી આવતા થ્રી વ્હીલ, ફોર વ્હીલ તથા ભારે વાહનોનાં પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ શિક્ષા થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલને અધિકાર રહેશે.''

આ જાહેરનામાની જોગવાઈમાંથી જાહેર સેવા માટેનાં સરકારી વાહનો, ફાયર બ્રીગેડ તેમજ એમ્બ્યુલન્સને મુક્તિ આપવામાં આવે છે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૭-૦૨-૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

ભાવનગર, ૧૭ માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૬.

એન. ડી. ગોવાણી
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
ભાવનગર

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. : DRCSJNG/0071/04/2026.-નીચે મુજબની મંડળીઓ જણાવેલ નોંધણી નંબર થી સને ૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓ-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે જણાવેલ તારીખે નોંધવામાં આવી.

Promator	Cooperative Society Name	Place	Taluka	District	Registration Number	Registration Date
શિલ્પાબેન સંજયભાઈ ભુવા	શ્રી પ્રગતિ કલસ્ટર ફેડરેશન વિ.સ.મં. લી	ખંભાળીયા	ભેંસાણ	જુનાગઢ	CSJUNSA202603643	01-04-2026
પ્રકાશભાઈ બાવાભાઈ સીસોદીયા	શ્રી લઠેશ્વર ખેત ઉ.પ્રો. અને ખ.વે.સ.મં.લી.	માળીયા	માળીયા	જુનાગઢ	CSJUNSE202603759	08-04-2026
કંચનબેન ગોરધનભાઈ ખાનપરા	શ્રી શક્તિ કલસ્ટર ફેડરેશન વિ.સ.મં. લી	ખોરાસા ગીર	માળીયા	જુનાગઢ	CSJUNSA202603776	09-04-2026
માનસિંહ પોપટભાઈ લાખાણી	શ્રી માળીયા તા.ફિશ એફ.પી.ઓ. સ.મં.લી.	માળીયા	માળીયા	જુનાગઢ	CSJUNUFI202603777	09-04-2026
સાધુ સનાતનદાસજી ગુરૂ શ્રી કરશનદાસજી	શ્રી માં અમર પ્રાકૃતિક ખેતી સ.મં.લી	પરબવાવડી	ભેંસાણ	જુનાગઢ	CSJUNSENF202603892	20-04-2026

જુનાગઢ, ૨૧ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

એન. ડી. ગોહિલ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ, જુનાગઢ.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0320/04/નં.-CSRAJUSE20260 3946/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી કોલીથડ કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : કોલીથડ, તાલુકો : ગોંડલ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૮ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0335/04/નં.-CSRAJSE20260 3975/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સનાતન સેવા સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : હડમતીયા, તાલુકો : પડધરી, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩૦ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

એન. ડી. ચાવડા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
રાજકોટ

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0240/03/નં.-CSRAJUSE20260 3520/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી અમરનગર કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : અમરનગર, તાલુકો : જેતપુર, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૨૫ માહે માર્ચ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0156/04/નં.-SE(MILK)49626/ 2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સનાળા હનુમાનપરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : સનાળા, તાલુકો : વિછીયા, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૮ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/502 to 507/નં.-CSRAJSESH20260 3775/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી દાળેશ્વર કેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ,

તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૯ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0173/04/નં.-CSRAJSESH20260 3774/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી જોગી ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મર્યાદિત સ્થળ : રાજકોટ, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૯ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0122/04/નં.-SEMILK202603755/ 2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી બંધાળી નવાપરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : બંધાળી, તાલુકો : વિંછીયા, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૮ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0325/03/નં.-CSRAJUSE20260 3630/૪૨૯ થી ૪૩૪/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી પ્રગતિ કલસ્ટર લેવલ ફેડરેશન વિછીયા-૧ વિવિધલક્ષી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વિછીયા, તાલુકો : વિછીયા, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0307/03/નં.-CSRAJUSE20260 3608/૪૩૫ થી ૪૪૦/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, કલસ્ટર લેવલ ફેડરેશન આટકોટ વિવિધલક્ષી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : આટકોટ, તાલુકો : જસદણ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0310/03/નં.-CSRAJUSEMA20260 3609/૪૨૩ થી ૪૨૮/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી વિઠ્ઠલભાઈ રાદડીયા ખેત ઉત્પાદક અને પ્રોસેસીંગ ખરીદ-વેચાણ સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મોવિયા, તાલુકો : ગોંડલ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૩૦ માહે માર્ચ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0060/04/નં.-CSRAJSESANGH 202603682/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, વાદીપરા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : વાદીપરા, તાલુકો : કોટડાસાંગાણી, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0062/04/નં.-CSRAJSE20260 3684/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, મોરલી મનોહર કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : સુપેડી, તાલુકો : ધોરાજી, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૬ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0058/04/નં.-REG/RAJ/SE(MILK)/ 49625/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, બેડલા નવાપરા મહિલા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : બેડલા, તાલુકો : રાજકોટ, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૪ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0083/04/નં.-CSRAJKHEPI20260 3692/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી બજરંગ પિયત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મોટા રામપર, તાલુકો : પડધરી, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૬ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0085/04/નં.-CSRAJKHEPI20260 3690/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી બાલાજી પિયત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મોટા રામપર,

તાલુકો : પડધરી, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૬ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0081/04/નં.-CSRAJKHEPI20260 3691/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ભુમીપુત્ર પિયત સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : મોટા રામપર, તાલુકો : પડધરી, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૦૬ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0189/04/નં.-CSRAJRAJUSE20260 3787/૩૧૪ થી ૩૧૯/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી ક્રિષ્ના અનાજ કઠોળ ખરીદ વેચાણ અને પ્રોસેસીંગ સહકારી મંડળી લી. , મર્યાદિત સ્થળ : કુંઢેચ, તાલુકો : ઉપલેટા, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૦ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0187/04/નં.-CSRAJRAJUSE20260 3785/328 to 333/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી પાટણવાવ કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : પાટણવાવ, તાલુકો : ધોરાજી, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૦ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

નોંધણીનું પ્રમાણપત્ર

Letter No. DRCSRJ/0191/04/નં.-CSRAJRAJUSE20260 3789/322 to 327/2026.-જિલ્લા રજીસ્ટ્રાર, સ.મં., રાજકોટ, આથી જાહેર કરે છે કે, શ્રી સાતોદડ કલસ્ટર લેવલ ફેડરેશન વિવિધલક્ષી સહકારી મંડળી લી., મર્યાદિત સ્થળ : સાતોદડ, તાલુકો : જામકંડોરણા, જિલ્લો : રાજકોટ, સને-૧૯૬૧ નો ગુજરાત કાયદો (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

રાજકોટ, ૧૦ માહે એપ્રિલ, સને ૨૦૨૬.

ડૉ. બી. એન. પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
રાજકોટ

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.06.18 19:22:14 IST